**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

વેબસાઇટ : www.rbi.org.in

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

**તારીખ – ૬ થી જુન, ૨૦૧૮**

## વિકાસ અને નિયમનકારી નિતીઓ પર વ્યક્તવ્ય

આ વ્યક્તવ્ય, નિયંત્રણો અને દેખરેખ ને મજબૂત બનાવવા, નાણાંકીય બજારોને વિસ્તૃત અને સુદઢ બનાવવા, ચલણ અને કર્જ મેનેજમેન્ટ ને સુધારવા, ચૂકવણા અને પતાવટ પદ્ધતિમાં નવીનતા ને તેણે પોષવા અને ડેટા મેનેજમેન્ટને સવલત આપવા તેમજ આ બધા માટે વિકાસ અને નિયમનકારી નિતીઓ દ્વારા ભિન્ન ભિન્ન પગલાં લેવા.

### ૧. નિયંત્રણો અને દેખરેખ

૧. વૈધાનિક તરલતા રેશિયો માંથી ઉદ્ભાવિત કરેલ તરલતા કવરેજ રેશિયો વધારવો.

અત્યારના અસ્તિત્વ ધરાવતા રોડમેપ મુજબ, વાણિજ્યક બેંકો એ તારીખ ૧ લી જાન્યુઆરી, ૨૦૧૯ સુધી ૧૦૦ % સુધી લઘુતમ તરલતા કવરેજ રેશિયો (LCR-લિક્વીડીટી કવરેજ રેશિયો)સુધી પહોચવાનું છે. અત્યારે વર્તમાનમાં, મિલકતો કે જેને લેવલ ૧ અંતર્ગત પરવાનગી આપેલ છે તે હાઈ ક્વાલીટી લીક્વીડ એસેટસ (HQLAs) ને, બેન્કોના LCR ની ગણતરી લેવા માટે, અને સાથે સાથે નિમ્ન એસેટ્સને સમાવિષ્ટ કરવામાં આવેછે જેમકે લઘુતમ SLR ની જરૂરિયાત કરતા વધારાની સરકારી સિક્યોરીટીઝને, અને કાયદેસર ની SLR ની મર્યાદામાં તેમજ એક સીમા સુધી સરકારી સિક્યોરીટીઝ કે જેને ભારતીય રીઝર્વ બેન્કે માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસીલીટી (MSF) અંતર્ગત પરવાનગી આપેલ છે [અત્યારે બેન્કના NDTL ના ૨% છે] અને લિક્વીડીટી કવરેજ રેશિયો (FALLCR) અંતર્ગત તરલતા ની સવલત પ્રાપ્ત કરવા માટે [અત્યારે બેન્કના NDTL ના ૯ % છે]. LCR ની ગણતરી કરવા માટે, એ નિર્ણય લેવામાં આવેલ છે કે, ઉપરોક્ત દર્શાવેલ મિલકતો કરતા વધારે, બેન્કોને અધિકૃત કરવામાં આવશે લેવલ ૧ મુજબની, HQLAs સરકારી સિક્યુરિટીઝ,

ગણવા માટે અને FALLCR અંતર્ગત NDTL ના ૨% સુધી, તેમજ  કાયદેસરની SLR ની જરૂરિયાત મુજબ,  હોલ્ડ કરવામાં આવેલ હોય. આમ, આથી બેંકો પાસે ઉપલબ્ધ SLR, ગણતરી કરીને ઉદ્ભાવિત NDTL ના કુલ ૧૩% થશે. LCR ના બીજા ભિન્ન નિર્ધારિત પાસાઓ કોઈ ફેરફાર કર્યા વગરના છે.

૨.  રાજ્ય સરકાર ની સિક્યોરીટીઝ નું મુલ્યાંકન

બેંકો દ્વારા રોકાણ પોર્ટફોલીઓ ની કામગીરી અને મુલ્યાંકન, વર્ગીકરણ વિશેના વિવેકપૂર્ણ ધોરણો અને તે વિષે ને વિધમાન માર્ગદર્શન, રાજ્ય સરકાર ની સિક્યોરીટીઝ નું મુલ્યાંકન પાકતી તારીખે થતી ઉપજ પદ્ધતિ (YTM) નો ઉપયોગ કરીને સાથે સાથે કેન્દ્રિય સરકારની સિક્યોરિટીઝ (G-Secs) સમાન પાકતી મુદત   વાળી કે જેની ઉપજ સમાન રીતે ૨૫ બેઝીસ પોઈન્ટ્સ થી વધારે હોય.

હવે અત્યારે એવો નિર્ણય કરવામાં આવેલ છે કે રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી સિક્યોરીટીઝ નું મુલ્યાંકન અવલોકન કિમતોના આધારે કરવામાં આવશે. રાજ્ય સરકાર ની વેપાર કરવામાં આવતી સિક્યોરીટીઝ નું મુલ્યાંકન તેના બઝારમાં સોદા કરવામાં આવતી કિમતે જ કરવામાં આવશે. અને એ કિસ્સાઓમાં જ્યાં રાજ્ય સરકાર ની સિક્યોરીટીઝ કે જેના વેપારી સોદા ના થતાં હોય તેનું મુલ્યાંકન રાજ્ય ની ખાસ પ્રશરેલ ભારિત સરેરાશ પદ્ધતિથી, કે જેની કેન્દ્રિય સરકારની સમાન સિક્યોરીટીઝની પ્રશારિત ઉપજના આધારે, કરવામાં આવશે, જેમકે જેનું પ્રાથમિક લિલામીઓમાં જોવામાં આવે છે. આને લગતું વિગતવાર માર્ગદર્શન, અલગથી ૨૦મી જુન, ૨૦૧૮ સુધીમાં બહાર પાડવામાં આવશે.

3. MTM નું નુકશાન ને પ્રશારિત કરવું.

રાજ્ય સરકારની સિક્યુરિટીઝ ના વધતાં જતાં ઉપજ ને કારણે, બેન્કોને, ચાર ત્રિમાસિકમાં, પ્રસારિત કરવાનો વિકલ્પ, આપવામાં આવેલ હતો, અને માર્ક-ટુ-માર્કેટ નુકશાન તેમના રોકાણ પોર્ટફોલિયોમા ડિસેમ્બર,૨૦૧૭ અને તેની માર્ચ, ૨૦૧૮ ના પૂર્ણ થતા ત્રિમાસિક દરમ્યાન નોધ કરવામાં આવશે. આ પણ જરૂરી હતું કે બેંકોએ તેમના AFS અને HFT વર્ગના હોલ્ડીંગમાટે, ૨% રોકાણ વધઘટ અનામત (IFR) બનાવવું જેથી કંઈપણ ઘટના દુર કરી શકાય. સરકાર ની સિક્યોરીટીઝની સતત વધતાં જતી ઉપજ સાથે સાથે ઘણી બેંકો પાસે પુરતો IFR બનાવવાનો સમયના અભાવના કારણે એવું નક્કી કરવામાં આવેલ છે કે વેચાણ માટે પ્રાપ્ય (AFS) અને વેપાર માટે રાખેલ (HFT) ના  પોર્ટફોલિયો રોકાણો ઉપરનો માર્ક-ટુ-માર્કેટ- નુક્શાનોને 30 જુન, ૨૦૧૮ ના

ત્રિમાસિક અંતમાં એકસમાન રીતે ચાર ત્રિમાસિક ધોરણે, આ નુક્શાનોને પ્રસારિત કરવું, અને તેની શરૂઆત ૩૦મી જુન, ૨૦૧૮ ના ત્રિમાસિકથી કરવી. આ બાબતનો પરિપત્ર એક અઠવાડિયામાં બહાર પાડવામાં આવશે.

૪. શહેરી કો-ઓપરેટીવ બેન્કોનું સ્વેચ્છા થી નાની ફાઇનાન્સ બેન્કોમાં રૂપાંતર

શહેરી કો-ઓપરેટીવ બેન્કોની ઉચ્ચ સ્તરિય સમિતિ, જેને પ્રમુખ શ્રી આર ગાંધી, ભારતીય રીઝર્વે બેંક ના નાયબ ગવર્નર, એપણ, અન્યથા, વિશાળ મલ્ટી-સ્ટેટ UCBs ને જોઈન્ટ સ્ટોક કંપનીઝ અને બીજી UCBs કેજે છોક્કાસ માપદંડ ધરાવતી હોય તેને નાની ફાઈનાન્સ બેંકો (SFBs) માં સ્વેચ્છિક રૂપાંતર કરવા માટે ની ભલામણો કરેલ હતી. આ બધી ભલામણોને ધ્યાન પર લેતા, UCBs કેજે નિશ્ચિત માપદંડ ધરાવતી હોય તેણે SFBs સ્વેચ્છિક રૂપાંતર કરવાની પરવાનગી આપવી. આ યોજના અલગથી વિગતવાર જાહેર થશે.

૫. MSME ક્ષેત્ર ને પધ્ધતિસર બનાવવા પ્રોત્સાહન આપવું

ફેબ્રુઆરી,૨૦૧૮ માં, બેંકો અને NBFCs ટુકસમય માટે, તેમને, ગૂડ્સ અને સર્વિસ ટેક્ષ (GST), રજીસ્ટર્ડ માઈક્રો, સ્મોલ અને મીડિયમ એકમો (MSMEs) કેજેની આ ધિરાણકર્તાઓ પાસે થી કુલ ₹ ૨૫૦ મીલીયન ની ક્રેડીટ સવલત હોય, ૧૮૦ દિવસ ના પાછલા બાકી માપદંડ મુજબ, અમુક શરતો ને આધીન, તેમને પ્રદર્શિત કરવાની પરવાનગી આપવામાં આવેલ હતી. આ કાર્ય, MSMEs ને પધ્ધતિસર ક્ષેત્રમા રૂપાંતરિત કરવાની પ્રક્રિયાને સરળતાથી કરવા ના ફક્ત હેતુથી, કરવામાં આવેલ હતું.

તેમના ઈનપુટ ક્રેડીટ લિન્કેજ અને તેણે સંકળાયેલા પ્રશ્નો ની બાબત માટે, અત્યારે એ નિશ્ચય લેવામાં આવેલ છે કે તેમના ૧૮૦ ના પાછલા ચુક્વાપાત્ર રકમ નાં માપદંડથી, તેમજ બધીજ MSMEs કેજેની કુલ ક્રેડીટ સવલત ઉપર ઉલેખ્ખ કરેલ મર્યાદા સુધી હોય, જેમનો સમાવેશ પણ થાય છે કેજે GST અંતર્ગત રજીસ્ટર્ડ થયેલ નાં હોય, તેમને કામચલાઉ રીતે બેંકો અને NBFCs ને તેમના એક્ષ્પોઝર ને વર્ગીકૃત કરવાની પરવાનગી આપવી. આ પ્રમાણે, લાયક MSME ખાતાઓ, જે ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭ અંતર્ગત પ્રમાણે ધોરણ / માપદંડ હતા, તેઓને બેંકો અને NBFCs દ્વારા માપદંડ / ધોરણ પ્રમાણે વર્ગીકૃત કરવાનું ચાલું રહેશે, પણ જો ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૭ ચુક્વાપાત્ર રકમ અને સાથે સાથે ૩૧મી ડિસેમ્બર,૨૦૧૮ સુધીની જે રકમ પછી ચુક્વાપાત્ર

જે રકમ બનશે, જો તેને ચૂકવવા માં આવેલ હશે / આવશે, ૧૮૦ દિવસ થી મૂળભૂત ચુક્વાપાત્રના દિવસથી.

નાણાંકીય સ્થિરતા માટે અર્થતંત્રને નિશ્ચિત અને વધુ પધ્ધતિસર બનવાના કારણે અને તેનાથી મળતા લાભોના લીધે, ૧૮૦ દિવસના પાછલા ચુક્વાપાત્ર રકમના માપદંડ ના ધોરણ અન્વયે, GST રજીસ્ટર્ડ MSMEs દ્વારા ૧ લી જાન્યુઆરી, ૨૦૧૯ થી ચુક્વાપાત્ર રકમઅને તેમને ૯૦ દિવસના ચુક્વાપત્ર ધોરણ અનુસાર હવે પછી તબક્કાવાર સુસંગત કરવામાં આવશે, તેમજ જે એકમો ૩૧મિ ડિસેમ્બર, ૨૦૧૮ સુધી GST અંતર્ગત રજીસ્ટર્ડ નહિ થાય, તેવા કિસ્સામાં, મિલકત ના વર્ગીકરણ પર ચુક્વાપાત્ર રકમ ૧લી જાન્યુઆરી, ૨૦૧૯ અથવા તે પછી તુરંત અસર થી ૯૦ દિવસના માપદંડમાં તબદીલ થઇ જશે.

વિગતવાર માર્ગદર્શન અલગ થી બહાર પાડવામાં આવી રહેલ છે.

૬. પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત એફ્ફોરડેબલ હાઉસીંગ ની વ્યાખ્યા સાથે હાઉસીંગ લોન માટેની પ્રાયોરિટી સેકટર ના ધિરાણ (PSL) ના સંપાત ની માર્ગદર્શિકા

આમ પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત એફ્ફોરડેબલ હાઉસીંગ ની વ્યાખ્યા સાથે હાઉસીંગ લોન માટેની પ્રાયોરિટી સેકટર ના ધિરાણ (PSL) ના વધારે સંપાત માટે ની માર્ગદર્શિકા સાથે, અને તેમાં વધારે આર્થિક રીતે નબળા વર્ગમાટે અને ઓચ્છી આવકવાળા ગ્રુપ ને પ્રોત્સાહન આપવા માટે PSL યોગ્યતા, હાઉસીંગ લોન મર્યાદા વર્તમાન ₹ ૨૮ લાખ થી ₹ ૩૫ લાખ ની, મેટ્રોપોલિટન કેન્દ્રોમાં (૧૦ લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતા) પુનઃનક્કી કરવા નો નિશ્ચય લીધેલ છે અને બીજા કેન્દ્રોમાં યોગ્યતા ₹ ૨૦ લાખથી ₹ ૨૫ લાખ ની, જોકે રહેઠાણ ની સમગ્ર કિમત મેટ્રોપોલિટન કેન્દ્રો અને બીજા કેન્દ્રો માં ₹ ૪૫ લાખ અને ₹ ૩૦ લાખ, ક્રમશ વધાવી ના જોઈએ. આને લાગતો પરિપત્ર ૩૦મી જુન, ૨૦૧૮ સુધી માં ઇસ્યુ કરવામાં આવશે.

૭. નિમ્ન ટિકેટ હાઉસીંગમાં ઉભરતા વિકાસો :

હાઉસીંગ લોન ડેટાનાં કાળજીપૂર્વક ના પુથ્થકરણ પશ્ચાત, એ જાણવા મળેલ છે કે ₹ ૨ લાખ સુધીના ટિકેટ ની સાઈઝમાં NPAs નં સ્તર વધારે ઉચું અને ઝડપથી વધી રહ્યું છે. આમ બેંકે આ ખાસ ક્ષેત્રમાં, અંગમાં, ધિરાણ કરતી વખતે ખુબજ તપાસ, સ્ક્રીનીંગ અને ફોલો અપ કરવાની જરૂરીઆત પડશે. ભારતીય રીઝર્વે બેંક આ ક્ષેત્રને ખુબજ નજદીક થી નિયત્રણ કરી રહેલ છે અને

તે માટે યોગ્ય જરૂરી નિતીવિષયક નીતિ ની જરૂરીઆત નક્કી કરશે, જેવીકે LTV રેશિયો મજબુત બનાવવો અને / અથવા જરૂર પડશે તો જોખમી વજનમાં (risk weights) વધારો કરવો.

૮. હાર્દ સ્વરૂપ રોકાણ કંપનીઓ ને ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણ ટ્રસ્ટ કંપનીઓ (InvITs) માં રોકાણ કરવાની સ્પોન્સર (બાયેધરીદાર) તરીકે પરવાનગી આપવી.

ભારતીય રીઝર્વ બેંક જોડે કોર ઇન્વેસ્ટમેન્ટ કંપનીઓ (CICs), નોન-બેંક ફાઈનાન્સીયલ કંપનીઓ (NBFCs) તરીકે રજીસ્ટર્ડ થયેલ હોય છે જે પ્રાથમિક રીતે પોતાની સમૂહ ની કંપનીઓમાં રોકાણ કરતી હોય છે અને સાથે સાથે બીજી NBFC ક્રિયાઓ કરતી હોતી નથી. તેઓએ, પોતાની ચોખ્ખી મિલકતના ૯0% સુધી, પોતાની સમુહવાળી કંપનીઓમાં ઈક્વિટી શેરો, પ્રેફરન્સ શેરો, બોન્ડ્સ, ડિબેન્ચરમાં, કર્જ અથવા લોન સ્વરૂપે રોકાણ કરવું જોઈએ, જયારે તેમની ચોખ્ખી મિલકતના ૬0% સુધીનુંજ રોકાણ પોતાની સમૂહ કંપનીઓમાં ઈક્વીટી રોકાણ સ્વરૂપે કરવું જોઈએ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ના વિકાસ ને પ્રોત્સાહિત કરવા માટે InvITs માં રોકાણો દ્વારા કરી શકાય, એ નિશ્ચય લેવામાં આવેલ છેકે CICs ને સ્પોન્સર તરીકે InvIT ઇસ્યુ માં રોકાણ શક્તિમાન બનાવવું અને સ્પોન્સર તરીકે તેમના InvITs યુનિટો ને તેમની સમૂહ કંપનીઓ માં ઈક્વિટી રોકાણો ઓવરઓલ ૬0% ની મર્યાદામાં ગણતરી કરવી. આમ InvITs માં CICs દ્વારા થયેલ રોકાણો અને એક્ષપોઝર તેમની સ્પોન્સર તરીકેની મર્યાદામાજ હોવું જોઈએ અને કોઈ પણ ક્ષણે રૂપિયામાં, અને નક્કી અને સિક્યોરિટીઝ અને એક્ક્ષેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (SEBI) દ્વારા નીર્ધરિત થયેલ સમયગાળા પ્રમાણે, તેમની લઘુતમ મર્યાદા કરતા વધારે નાં હોવું જોઈએ. (ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ) રેગ્યુલેશન ૨૦૧૪. જરૂરી સૂચનાઓ એક અઠવાડિયામાં ઇસ્યુ કરવામાં આવશે.

## II નાણાંકીય બજારો

૯. લીક્વીડીટી એડજસ્ટમેન્ટ સવલત (LAF) ને સંવારવું અને આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ સવાંદ બેસાડવો.

અત્યારે વર્તમાનમાં, ભારતીય રિઝર્વે બેંક બજારમાં ભાગલેવા વાળાઓને નગદ રૂપિયાની તરલતા, રેપો/ માર્જિનલ સ્ટેન્ડિંગ સવલત (MSF) વિન્ડોઝ દ્વારા અને તે પણ યોગ્ય અને માન્ય કોલેટરલ સામે, પૂરી પાડેછે. શરૂઆતનું માર્જીન ૪ % અને ૬ % લાગુ પડે છે, કેન્દ્રિય સરકારની

સિક્યુરિટીઝ (T–બિલો નો સમાવેશ થાય છે) અને સ્ટેટ ડેવલોપમેન્ટ લોન્સ (SDLs) માટે ક્રમશ, જેને રેપો / MSF માં ભાગલેવા વાળા તરફ થી કોલેટરલ તરીકે પસ્તુત થયેલ હોય છે. જોકે બધી યોગ્ય સિક્યુરિટીઝ માટે માર્જિન ની જરૂરીઆત એક સમ્માન હોય છે, તેની અવશેષ કિમંત ગમે તે હોય, અને આ પ્રવર્તમાન પદ્ધતિ લગભગ બધીજ સિક્યુરિટીઝ માં બજાર ના જોખમ ને ભિન્ન પાડતું નથી. એમની સમીક્ષા અને પુન:તપાસ કરતા, આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ, એ નિર્ણય લેવામાં આવેલ છે કે – ૧ લી ઓગસ્ટ, ૨૦૧૮ થી શરૂઆત કરતા, એ જરૂરી છે કે કોલેટરલ પર શરૂઆતનું માર્જીન એ તેના પાકતી મુદતે પ્રાપ્ય શેષ રકમ પર ગણવામાં આવશે. કેન્દ્રિય સરકારની સિક્યુરિટીઝ પર શરૂઆતનું માર્જીન લગભગ ૦.૫ ટકા થી ૪ ટકા રહેશે અને તે પણ અવશેષ પાકતી મુદતે પ્રાપ્ય રકમ ના પાંચ જુદાજુદા બંચ(જથ્થા) – બાલટી – માંથી. SDL ના કિસ્સામાં શરૂઆતમાં માર્જીન ની જરૂરીઆત લગભગ ૨.૫ ટકા થી ૬.૦ ટકા ની રેંજ માં રહશે, તેજ પાકતી તારીખ પ્રમાણે જુદાજુદા બકેટ મુજબ પણ. પ્રોત્સાહન આપવાના હેતુસર રાજ્ય સરકારે તેમન SDLs નં પણ પબ્લિક રેટિંગ પાર્પ્ત કરશે. આ સાથે એ પણ નક્કી કરવા માં આવેલ છે કે આમ રેટેડ SDLs માટે શરૂઆતનું માર્જીન બીજી બધી SDLs કરતા ૧.૦ ટકા ઓછું રાખેલ છે, તે પણ તેજ પાકતી મુદત વાળા બકેટ માટે, એટલેકે, ૧.૫ ટકા થી ૫.૦ ટકા ની રેન્જ વાળા માટે. આ બાબત ને લગતો  પરિપત્ર આજે ઇસ્યુ કરવામાં આવશે.

૧૦. સરકારી સિક્યોરિટીઝ બજાર માં ભાગ લેવા વાળનું પ્રમાણ વધારવું.

(i) સરકારી સિક્યોરિટીઝ નું શોર્ટ સેલ કરવું.

કેન્દ્રિય સરકાર ની સિક્યુરિટીઝ (G-Secs) નું શોર્ટ સેલ ફેબ્રુઆરી, ૨૦૦૬ માં દાખલ કરવામાં આવેલ હતું જેથી ભાગલેવા વાળા ને વ્યાજના દરમાં બે-તરફી નજર પ્રદર્શિત કરી શકે એવું સાધન પ્રાપ્ય થઇ શકે અને તેથી કિમત ની શોધ માં વધારો થઇ શકે. અત્યાર, શેડ્યુલ્ડ વાણિજ્યક બેંકો, પ્રાથમિક ડીલરો અને કેટલાક ચોક્કસ સુ-આયોજિત શહેરી વાણિજ્યક બેંકો ને શોર્ટ સેલ વ્યવહારો કરવાની પરવાનગી આપેલ છે. શોર્ટ સેલ વ્યવહારો કરવામાટે, પ્રવેશ પ્રમાણે અને (તરલ અને બિન-તરલ) સિક્યુરિટીઝ પ્રમાણે, મર્યાદા તય કરવામાં આવેલ છે. આ ઉપરાંત G-Sec અને રેપો બજાર ને વધુ ઘેરું બનાવવા ના હેતુ અન્વયે અને તેથી એવો પ્રસ્તાવ મુકવામાં આવેછે કે યોગ્ય શોર્ટ સેલમા ભાગલેવા વાળા નો આધાર અને સાથે સાથે પ્રવેશ મુજબ પણ અને  સિક્યુરિટીઝ પ્રકાર પ્રમાણે, G- Sec માં શોર્ટ સેલિંગ કરવા માટે,  તેની મર્યાદા માં મુક્તિ આપવી. આ બાબત ને લાગતો પરિપત્ર જુન, ૨૦૧૮ ના અંત પહેલા ઇસ્યુ કરવા માં આવશે.

(ii) સરકારી સિક્યોરીટીઝ મા 'વ્હેન ઇસ્યુડ' બજાર

વિતકીય જવાબદારી અને બજેટ મેનેજમેન્ટ (FRBM) એકટ, ૨૦03 અન્વયે કેન્દ્રિય સરકાર સિક્યુરિટીઝમાં (G – Secs) 'વ્હેન ઇસ્યુડ' (WI) બજાર મેં, ૨૦૦૬માં દાખલ કરવામાં આવેલ હતા, જેનો ઉદેશ વધુ સારા મેનેજમેન્ટ અને લીલામી નાં જોખમો ના વહેચણીમાં ડેબ્ટ ઇસ્યુ ના માળખાને મજબુત કરવા માટે નો હતો. અત્યારે લીલામમાં ભાગ લેવા વાળા કોઈ પણ યોગ્ય વ્યક્તિ WI બજાર માં લાંબી પોઝીશન લઇ શકે છે, ફક્ત બેંકો અને પ્રાથમિક ડીલરો (PDs) ને શોર્ટ પોઝીશન લેવામાટે અધિકૃત કરેલ છે. આ ઉપરાંત, બેંકો ની શોર્ટ પોઝીશન અને PDs કે જેની કેપ ૫ ટકા, ઇસ્યુ કિમતના, રાખવા આવેલ છે.આમ ભાગલેવા વાળાઓના માપદંડ, ધોરણ, ધીમે ધીમે સરળ બનાવવામાં આવી રહ્યા છે. આમ G-Sec બજાર ને વધુ ઘેરું બનાવવાના એકમાત્ર ઉદેશથી યોગ્ય ભાગ લેવા વાળા નાં આધાર ને ઉદારમત્ત કરવાનં સુચન અને પ્રવેશ પ્રમાણે ની મર્યાદા ને પણ વ્હેન ઇસ્યુડ બજારમાં પોતાની પોઝીશન લેવા માં આરામ આપી શકાય. આ બાબતને લાગતો પરિપત્ર ૫ જુન, ૨૦૧૮ ના અંત પહેલા ઇસ્યુ કરવામાં આવશે.

૧૧. એકલ પ્રાથમિક ડીલરો ની ક્રિયાઓને વિસ્તૃત કરવી.

એકલ પ્રાથમિક ડીલરો (SPLs) ને ધીમે ધીમે G-Sec પ્રવૃત્તિ ઉપરાંત તેમની પ્રવૃતિઓ માં ભિન્નતા લાવવા માટે, જેવીકે વેક્લ્પિત ધારોઓ માટે, સ્વીકૃત મર્યાદા માં રહીને, પરવાનગી આપવામાં આવેલ છે. SPDs ને સવલત આપવામાટે નાં હેતુથી કેજેથી FPI ગ્રાહકોને સંપૂરણત સેવા પૂરી પડી શકાય. આથી, SPDs ને માર્યાદિત કક્ષાનું વિદેશી મુદ્રાનું લાઇસેંસ આપવાનું તય કરેલ છે. આ બાબતને લગતો પરિપત્ર જુન, ૨૦૧૮ ના અંત પહેલા ઇસ્યુ કરવા માં આવશે.

૧૨. બજાર આક્રોશના નિયંત્રણો

નાણાકીય બજારોમાં ભાગ લેવા માટે અને તેની પ્રવૃતિમાં વધારો કરવા માટે ભિન્ન ભિન્ન નિયતણો સ્વરૂપ પ્રવૃતિઓ એકધારો ધીમે ધીમે આરંભ કરવો અને બેન્કિંગ પદ્ધતિ ના નાણાકીય એક્ષપોઝર નં પુન:વિસ્તરણ કરવું. આનુસંધિક તૌરપર, આક્રોશિત પૂર્ણ બજાર ની

પ્રેક્ટિસ ને અટકાવતા અને તેણે  લગતા નિયંત્રણો મજબુત બનાવવા.  ચોક્ક્સ નક્કી નાણાકીય આવક બજાર અને ડેરિવેટિવ્ઝ એસોસીએશન ઓફ ઇન્ડિયા (FIMMDA) એક નવો જ ફેર પ્રેક્ટિસ કોડ (FPC) બનાવેલ છે કેજેને બેંકો અને બીજા સભ્યો દ્વારા સ્વેચ્છિક ધોરણે સ્વીકૃત કરી શકાય. ધી ફોરેન એક્ષ્ચેન્જ ડીલરોનું એસોસિએશન ઓફ ઇન્ડિયા (FEDAI) એ પણ ભારતીય વિદેશી મુદ્રા (FX) બજાર માં ભાગ લેવા માટે પણ સ્વીકૃતિ લીધેલ છે., FX ગ્લોબલ કોડ – ગ્લોબલ કોડ એટલે કોડ ઓફ કડન્ટ . એટલેકે જથ્થાબંધ FX બજાર  જેને નાકી કાર્લ સિદ્ધાંતો અંતર્ગત બાનાવવા માં આવેલ છે જેથી તાન્દુરત, ફેર, તરલ, ખુલ્લા અને યોગ્ય પારદર્શક બજાર બનાવી શકાય જેમે ખુબજ ઉચ્છતમ એથીકલ માપદંડ, ધોરણ હોય. આ પ્રવૃતિને આગળ ધપાવવા માટે, એ પ્રસ્તાવ મુકવા માં આવેલ છે કે નિયત્રણો, જે પણ વિશ્વના બેસ્ટ નિયંત્રણ જેવાકે જેથી બજાર માં આક્રોશ અટકાવી શકાય, દાખલ કરવા અને તેનું નિયંત્રણ પણ ભારતીય રીઝર્વે બેંક દ્વારા થતું હોય. નિયંત્રણોનો ડ્રાફ્ટ પરામર્શ માટે ઓગસ્ટ, ૨૦૧૮ નાં અંત પહેલા ઇસ્યુ કરવામાં આવશે.

૧૩. કેન્દ્રિય કાઉન્ટર – પાર્ટી માટે નીતિ નું માળખું.

કેન્દ્રિય કાઉન્ટર – પાર્ટી (CCPs) નાણાંકીય બજારોમાં નિર્ણયક ભાગ ભજવે છે અને બજારોમાં તેમનાં દ્વારા બાયેધરી પૂર્ણ સોદા પતાવટની સેવા પૂરી પાડવા માં આવે છે, જે બજારોને તેમના દ્વારા સેવા પૂરી પાડવામાં આવતી હોય, અને ભાગ લેવા વાળા માટે કાઉન્ટર – પાર્ટી જોખમને દુર કરવા આવે છે, જેથી પદ્ધતિસર નો જોખમ દુર થાય છે. આ એકમો વ્યવસ્થિત અસરકારક અને કાર્યક્ષમ રીતે કામ કરી શકે તે માટે, ભારીત્યા રીઝર્વે બેન્કે માળખું નક્કી કરેલ છે જેનાથી વિદેશી CCPs ને માન્યતા પ્રાપ્ત થાય., મૂડી ની જરૂરિયાતો અને તેનું ગર્વર્નેસ, સાથે બધાજ CCPs નું માળખું  આ પ્રકારના દિશાસૂચનો જુલાઈ, ૨૦૧૮ અંતમાં ઇસ્યુ કરવામા આવશે.

## III કર્જ નું  મેનેજમેન્ટ

૧૪. રાજ્ય સરકાના કોન્સોલીડેટડ સીન્કીંગ ફંડ અને ગેરેંટી રિડેમ્પટશન ફંડ

રાજ્ય સરકારો ભારતીય રીઝર્વે  બેંક માં કોન્સોલીડેટડ સીન્કીંગ ફંડ અને ગેરેંટી રિડેમ્પટશન ફંડ જાળવે છે વચગાળા, બફર, ની તૌરથી, તેમની જવાબદારીઓ નાં ચૂકવાના માટે. અત્યારે,

રાજ્ય સરકાર ભારતીય રીઝર્વે બેંક પાસે થી સ્પેશિયલ ડ્રોઈંગ સવલત (SDF) નો લાભ લઇ શકે છે તેમની કોલેટરલ CSF અને GRF ફંડ સામે. આમાં વ્યાજનો દર, રેપો રેટ કે જે દરે વે એન્ડ મીન્સ એડવાન્સ રાજ્ય સરકારને આપવામાં આવે છે, તેના ૧૦૦ bps ઓચ્છા થી ચાર્જ કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા આ ફંડોને વધુ પ્રોત્સાહિત કરવા માટે અને વધુ સારી રીતે જાળવવા માટે અને આ ફંડો ની રકમ વધારવા માટે અને પ્રોત્સાહન આપવાના હેતુથી, એવો નિશ્ચય લેવા માં આવેલ છે કે SDF પર વ્યાજનો દર ૨૦૦ bps રેપોરેટ થી ૧૦૦ bps રેપો રેટ થી ઓચ્છા, કરવા માં આવે, આં બાબતને લાગતો અરીપત્ર ૩૦ મી જુન, સુધી માં ઇસ્યુ કરવામાં આવશે.

## IV પેમેન્ટ અને સેટલમેન્ટ

### ૧૫. પેમેન્ટ પદ્ધતિ ને અધિકૃત કરવી

રીટેલ પેમેન્ટ બજાર ને પરિપકવ બનાવવા માટે, નાણાકીય સ્થિરતા ની રીતે જોતા, કેન્દ્રિય જોખમ રિટેલ પેમેન્ટ પદ્ધતિ માં લધુતમ છ. ભારતીય રીઝર્વે બેંક વધુ અને વધુ એકમો ભાગ લે તે માટે પ્રોત્ષણ આપે છે અને પાન-ઇન્ડિયા પેમેન્ટ પ્લેટફોર્મ પને પ્રોત્શાહિત કરે છે જેથી આ ક્ષેત્રમાં નવીનતા અને હરીફાઈ માં જોસ આવે. આ બાબતને લગતા નીતિ વિષયક પેપરો જાહેરજનતાના પરામર્શ માટે ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૧૮ સુધી મુકવામાં આવશે.

## V કરન્સી મેનેજમેન્ટ

### ૧૬. ભારતીય બેન્કનોટ ના ઉપયોગમાં, ઓળખવા કમજોર દ્રષ્ટીવાળાને પડતી મુશ્કેલીઓ અને પડકારો ને સરળ બનાવ્યા

ભારતીય રીઝર્વે બેંક દ્રષ્ટી થી નબળા લોકો કે જેમણે તેમના દરરોજ ના વેપારમાં ભારતીય બેંકચલણમાં પડતી પડકારો પ્રત્ય વધ લાગણીશીલ છે. ભારતીય ચલણ માં કોઈ પણ ફેરફાર કરતા પહેલા ઘણા બધા મંચો જોડે સમયે સમયે પરામર્શ કરેલ છે, આથી ભરતી રીઝર્વે બેંક એ દ્રષ્ટી ધરાવે છે કે તકનિકી વિકાસ એ ખરેખર ભારતીય બેંકનોટ બનાવવામાં નવા પાસાંઓ પ્રગટ કરેલ છે જેથી દ્રષ્ટી થી નબળા લોકો માટે બેંક નોટની પરખ વધુ સરળ બને, જેથી તેમના દરરોજ નાં વ્યવહારોમાં સરળતા રહે. આથી ભારતીય રીઝર્વે બેંકે નિર્ણય કરેલ છે, દ્રષ્ટી થી નબળા લોકો

વાળી ભિન્ન ભિન્ન સંસ્થાઓ સાથે પરામર્શ કર્યા પછી, જેથી તેમને ભારતીય ચલણ / બેંકનોટ ની પરખ માટે યોગ્ય મદદરૂપ સાધનના વિકાસ માટેની વધુ શક્યતાઓ માટે તપાસ કરી શકાય. ભારતીય રીઝર્વે બેંક આ બાબતમાં જરૂરી માર્ગદર્શણ છ મહિના માં ઇસ્યુ કરશે.

## VI ડેટા મેનેજમેન્ટ

### ૧૭. જાહેરજનતા માટે ની ક્રેડીટ રજીસ્ટ્રી માટે ઉચ્ચ-સ્તરિય ટાસ્ક ફોર્સ

વિકાસ અને નિયંત્રણો ની નિતીઓ માટે ના ૪થી ઓકટોબર, ૨૦૧૭ ના વ્યક્તવ્યમા દર્શાવેલ મુજબ ભારતીય રીઝર્વે બેંકે ભારત માટે પબ્લિક ક્રેડીટ રજીસ્ટ્રી (PCR) (ચેરમેન: શ્રી યશવંત એમ. દીઓસ્થાલી) માટે એક ઉચ્ચ-સ્તરિય ટાસ્ક ફોર્સનં ગઠન કરેલ હતું જેથી, વર્તમાનમાં પ્રાપ્ય ક્રેડીટ વિષેની માહિતીનું ફેર વિચાર કરી શકાય, પ્રાપ્ય અસ્તિત્વ ધરાવતી માહિતી લાભદાયક છેકે નહિ અને જો કોઈ તફાવત, જગ્યા હોય તો તેણે પહેચાની શકાય અને તેનો PCR દ્વારા ભરી પણ શકાય. ટાસ્ક ફોર્સે તેમનો રીપોર્ટ ૪થી એપ્રિલ, ૨૦૧૮ના રોજ પ્રસ્તુત કરેલ હતો જેમાં માહિતીની અસમપ્રમાણતા ને સંબોધન કરવા ના ખ્યાલથી ભલામણ કરવા માં આવેલ, જેથી ક્રેડીટ પ્રાપ્તિ ને પોષી શકાય, અને અર્થતંત્ર માં ક્રેડીટ કલ્ચર ને મજબુત બનાવી શકાય તેમજ ભારતીય રીઝર્વે બેંક તે માટે PCR ની રચના કરશે. ભારતીય રીઝર્વે બેંકે ટાસ્ક ફોર્સ ની આ ભલામણો ચિંતિત કરેલ અને PCR ની મોડ્યુલર અને તબકાવાર રચના કરવાનો નિશ્ચય કરેલ હતો. ટાસ્ક ફોર્સનો રીપોર્ટ જાહેરજનતા માટે ભારતીય રીઝર્વે બેંક ની વેબ-સાઈટ પર આજે પ્રસ્તુત કરવામાં આવશે. ટાસ્ક ફોર્સનું (ITF) અમલીકરણ રીઝર્વે બેંક દ્વારા કરવામાં આવશે અને તેના લોજીસ્ટીક રૂપરેખા રચવામા મદદ રહે જેથી તેના પછીના પગલાં સ્વરૂપ PCR રચવામાં મદદ રહે.

### ૧૮. ઉદાર રેમીટેન્સ યોજના માટે ડેટા અને તેની વ્યાખ્યાઓ માટે એકસુત્રતા

પહેલી દ્વિ-માસિક મોનેટરી પોલીસી વ્યાખ્યાન ૨૦૧૮- ૧૯ મી એપ્રિલ, ૨૦૧૮ ની જાહેરાતના પશ્ચાત અધિકૃત ડીલર બેંક (AD) દ્વારા, ઉદાર રેમિટેન્સ યોજના (LRS) અન્વયે વ્યક્તિગત વ્યવહારો નં દૈનિક રિપોર્ટિંગ યોજના રજુ કરવા આવેલ હતી. આ યોજના અંતર્ગત AD બેંકો નાણાંકીય વર્ષમાં વ્યક્તિગત મોકલેલ રેમિટેન્સ જોઈ શકે, આથી LRS ની લિમીટ નું પાલન અને તેની દેખરેખ માં સુધાર લાવી શકાય. જોકે આ રિપોર્ટીંગ સિસ્ટમ નાણા મોકલનારના પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN) નો ઉપયોગ વિશિષ્ટ પહેચાન કરતા કરીકે કરે છે જેથી

મોકલનાર પ્રમાણે ડેટા એકત્રિત કરી શકાય, તેથીજ PAN નંબર આપવાનું, USD $ ૨૫,૦૦૦ સુધીના વ્યહવારો ને જો એમના માન્ય કરન્ટ એકાઉન્ટ  દ્વારા જો મોકલેલ હશે તો PAN નંબર, તેમજ માગવામાં નહિ આવે, જોકે હવે LRS અન્વયે બધાજ રેમિટેન્સ હવે પછી ફરજિયાત કરવામાં આવેલ છે. આ ઉપરાંત, LRS અન્વયે ગાઢ સંબંધી ને મોકલેલ અને અધિકૃત કરેલ રેમિટેન્સ માટે, 'સંબધી' ની વ્યાખ્યા, કંપની એક્ટ, ૨૦૧૩ ની અન્વયે, કંપની એક્ટ, ૧૯૫૬ ના બદલે,  'સંબધી' ની વ્યાખ્યા જોડે એક રેખાન્કીંત કરવાનો નિર્ણય લીધેલ છે.

**જોશ જે** કટટુર

**મુખ્ય મહા પ્રબંધક-**

પ્રેસ રિલીઝ - ૨૦૧૭-૨૦૧૮/૩૧૯૧